## મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજી. સાહેબની કોર્ટમાં,
## મું.બોરસદ.

### ફોજદારી કેસ નં.– 846–2026

૧. ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ૧૯૪૯ અને ૨૦૧૬ (સુધારેલ) ધારાની કલમ–૬૫એએ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે.આજરોજ નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

૨. હાલના આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

૩. આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૪. આરોપીએ ગુના કબૂલાત પૂરસીસ ધ્યાને લેતા આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવે છે.

૫. તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા એક આરોપી સામે કરેલ આપરાધિક આક્ષેપો ધ્યાને લેતા, આ ગુનાની ટ્રાયલ માટે હાલ ફરીયાદ, સરકારી અમલદાર, સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવા રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી હોય તો આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલોનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજૂ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીંટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઇઝ કરી શકાય તેમ હોઈ, ઉપરાંત આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો, કેસની તમામ પરિસ્થિતી ધ્યાને લઈ, તેમજ ગુજરાત રાજ્ય વિ.નટવર હરચંદજી ઠાકોરનાં ૨૦૦૪(૨) GLR 709 (GUJ.), મીતસીંગ વિ. પંજાબ રાજ્ય ૧૯૮૦, ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાય રહે અને નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા લહેના વિ. હરીયાણા રાજ્ય(૨૦૦૨) ૩ એસ.સી.સી. ૭૬ અને મધ્યપ્રદેશ રાજ્ય વિ. સુરેન્દ્રસિંહ એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૩૯૮૦ જેવા કેસોમાં કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત (Propotionality of sentence) છે કે કોઈપણ ગુનામાં સજા કરવાની હોય તો તે સજા પણ ગુનાને અનુરૂપ હોવુ જોઈએ. સદર કેસમાં સંડોવાયેલ મુદ્દામાલ આરોપીની આર્થિક, સામાજીક તથા પારીવારીક પરિસ્થિતી ધ્યાને લેતા, સદર કેસમાં ઓછી સજા કરવા ન્યાયના હિતમાં વ્યાજબી જણાય છે, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

**–: હુકમ :–**

આરોપીને કિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવે છે અને ધી પ્રોહી અને ૨૦૧૬ (સુધારેલ) એકટની કલમ–૬૫એએ મુજબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂ.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, મુદ્દામાલ અપીલ સમય બાદ નીતિનિયમો મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ– બોરસદ.

(ડી.એલ.ઠાકોર)
એડી.ચીફ.જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ
બોરસદ.